# મોડાસાની કોવિડ હોસ્પિટલ બની "ડેથ હોસ્પિટલ", ૨૪ કલાકમાં ૯નાં મોત..!!

## અમે રાત્રે ૩ ડેડ બોડી લઈ જતા જોયા, નજરે જોનાર

મોડાસા સાર્વજનિક હોસ્પિટલની કોવિડ હોસ્પિટલમાં ૨૪ કલાકમાં ૯ દર્દીઓના મોત નિપજ્યાની વિગતો સોશ્યલ મીડીયામાં ફરતી થતાં સમગ્ર જિલ્લામાં ભય વ્યાપ્યો છે ત્યારે ગત રાત્રે હોસ્પિટલમાં હાજર નજરે જોનારાઓએ જણાવ્યું કે રાત્રે અમે એમ્બ્યુલન્સમાં વારાફરતી ૩ ડેડ બોડી લઈ જતા નિહાળ્યા હતા.

## આરોગ્ય વિભાગના અધિકારીઓએ મોબાઈલ ઉપાડવાના બંધ કરતાં ચિંતા વધી

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૪

મોડાસા સાર્વજનિક હોસ્પિટલની કોવિડ હોસ્પિટલ પાછલા ૨૪ કલાકમાં કોરોના દર્દીઓ માટે ડેથ હોસ્પિટલ તરીકે ઉભરી આવી છે. ૨૪ કલાકમાં ૯ દર્દીના મોત નિપજ્યાની વિગતો સામે આવી છે..!! પરંતુ આરોગ્ય વિભાગે એકપણ મોત બાબતે પુષ્ટી આપી નથી. સ્થિતિ વિકટ બનવાના સંકેત છે. આરોગ્ય વિભાગના અધિકારીઓએ બુધવાર સવારથી મોબાઈલ ઉપાડવાના બંધ કર્યા છે.

અરવલ્લી જિલ્લામાં કોરોનાના દર્દીઓમાં ઉછાળો આવ્યો છે. અગાઉ કોરોના શહેરી વિસ્તાર પૂરતો સિમિત હતો અને હવે ગામડા સુધી કોરોનાનો ક્રૂરપંજો પ્રસર્યા પછી શેરીએ શેરીએ કોરોના સંક્રમિત દર્દીઓ સામે આવતાં ગામડામાં પારિવારીક ભાવના ધરાવતી પ્રજા કોને મદદ કરે, કોને મદદ ન કરે..તેવી સ્થિતિ ઉભરી આવી છે. રેપિડ ટેસ્ટ દરમ્યાન જિલ્લામાં કોરોનાનું સંક્રમણ બેકાબુ હોવાનું




બહાર આવ્યું છે. પરંતુ આરોગ્ય વિભાગ હજુ પણ જોઈએ તેટલું ગંભીર નથી. બે દિવસ અગાઉ બાયડમાં કોરોનાથી બે નાં મોત નિપજ્યાં હતાં પરંતુ આરોગ્ય વિભાગના દફતર ઉપર એકપણ કેસ નોંધાયો નથી. જ્યારે મોડાસાની કોવિડ હોસ્પિટલમાં જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી દાખલ કરવામાં આવેલા કોરોનાગ્રસ્ત દર્દીઓમાંથી ટપોટપ ૯ દર્દીઓના મોત નિપજ્યાની વિગતો સોશ્યલ મીડીયામાં વાયરલ થયા પછી પ્રજામાં કોરોનાનો ડર હાવિ થઈ ગયો છે.

અગાઉ કોરોનાની પ્રથમ લહેર દરમ્યાન કોરોના ચેપગ્રસ્ત દર્દીઓને હિંમતનગર ખસેડવામાં આવતા હતા અને તેમાંના મોટાભાગના દર્દીઓના મોત નિપજતાં હિંમતનગર ખસેડ્યા એટલે ગયા..તેવી કહેવત પ્રચલિત બની હતી અને હવે મોડાસાની કોવિડ હોસ્પિટલમાં દાખલ થયા એટલે મોત નિશ્ચિત જેવો ભય પણ કેટલાક દર્દીઓના સગાઓમાં હાવિ થઈ ગયો છે.

## મોડાસાની હોસ્પિટલમાં દૈનિક ૧૫૦ બોટલ ઓક્સિજનની જરૂરીયાત

સમગ્ર રાજ્યમાં ઓક્સિજન અને રેમડેસિવિર ઈન્જેક્શનની અછતના કારણે સરકાર ઉપર પસ્તાળ પડી છે ત્યારે મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં અન્ય દર્દીઓ ઉપરાંત કોરોનાના દર્દીઓને પણ કોવિડ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવે છે અને અત્યારે દૈનિક ૧૫૦ બોટલ ઓક્સિજન બોટલની જરૂરીયાત હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

### રેમડેસિવિર ઈન્જેક્શનના ૧૦ હજાર ખંખેર્યા

# બાયડ સ્ટેશન વિસ્તારની ખાનગી હોસ્પિટલમાં રૂપિયા ખંખેરવાના ખેલની ઓડીયો ક્લિપ વાયરલ

### સમગ્ર જિલ્લામાં વિશ્વાસપાત્ર સસ્તી તબીબી સેવાને ઝાંખપ લાગી, ડોક્ટર અને સ્ટાફ સામે ફિટકાર

હિંમતનગર, તા.૧૪

અરવલ્લી જિલ્લામાં રેમડેસિવિર ઈન્જેક્શનની અછત છે. કેટલાક વિસ્તારોમાં ઈન્જેક્શનના કાળા બજારના આરોપ છે ત્યારે બાયડ સ્ટેશન વિસ્તારની ખાનગી હોસ્પિટલ દ્વારા રેમડેસિવિર ઈન્જેક્શનના દર્દીઓ પાસેથી રૂા.૧૦ હજાર ખંખેરવામાં આવતા હોવાની એક ઓડીયો ક્લિપ સોશ્યલ મીડીયામાં વાયરલ થતાં સમગ્ર તબીબી આલમમાં તહલકો મચ્યો. પંથકમાં બાયડમાં વિશ્વાસપાત્ર, સસ્તી તબીબી સેવા અને તબીબોની માનવતા જગજાહેર છે ત્યારે શોર્ટકટમાં કમાઈ લેવાની લ્હાયમાં એક ખાનગી હોસ્પિટલના કારણે બાયડની તમામ હોસ્પિટલોની તબીબી સેવાને ઝાંખપ લાગી છે. ઓડીયો ક્લિપ વાયરલ થયા પછી ડાંક્ટર અને સ્ટાફ સામે ફિટકાર વરસ્યો. બાયડ તાલુકાના પશ્ચિમગાળાના દર્દી પાસેથી ઈન્જેક્શનના વધુ પૈસા ખંખેરાતાં આ મામલો પ્રકાશમાં આવ્યાની લોકચર્ચા છે.

કોરોનાની મહામારી વધી છે ત્યારે બાયડના અનેક યુવા તબીબોએ પોતાના જીવની પરવા કર્યા વગર કોરોનાગ્રસ્ત દર્દીઓને રાહત દરે સારવાર કરીને નવી જીંદગી આપી છે. પરંતુ કોઈપણ વ્યક્તિ પૈસા પાછળ પાગલ થાય તો વહેલું મોંડુ તેનું પતન થતું હોય છે. આવું ધંધા-રોજગારમાં પણ બનતું હોય છે.

કોરોનાના દર્દીઓથી બાયડની ખાનગી હોસ્પિટલો ઉભરાઈ રહી છે અને જિલ્લામાં કોરોના દર્દીઓ માટે જરૂરી રેમડેસિવિર ઈન્જેક્શનની અછત ઉભી થતાં છેલ્લા એક સપ્તાહથી દર્દીઓના સગાઓએ પોતાના સ્વજનને બચાવવા અમદાવાદની દોટ લગાવવા છતાં ઈન્જેક્શન મળતાં ન હતાં જ્યારે એકમાત્ર ગાંધીનગર સમાચારમાં બે દિવસ અગાઉ બાયડ અને મોડાસામાં રેમડેસિવિર ઈન્જેક્શનનું કાળા બજાર થતું હોવાના અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા તેના ગણતરીના કલાકોમાં સોશ્યલ મીડીયામાં દર્દી પાસેથી ઈન્જેક્શનના વધુ પૈસા ખંખેરવાની ઓડીયો ક્લિપ વાયરલ થઈ છે.

ઓડીયો ક્લિપ વાયરલ થયા પછી કઈ હોસ્પિટલમાં માનવતા નેવે મૂકી પૈસા ખંખેરવાનો ખેલ ચાલી રહ્યો છે તેની જાણકારી માટે પ્રજા ઉત્સુક બની અને આવા ડાંક્ટર અને સ્ટાફ સામે યોગ્ય કાર્યવાહી થવી જોઈએ તેવો રોષ પ્રગટ થયો. જાણવા મળ્યા મુજબ એક કદાવર સહકારી આગેવાનના નિકટના સબંધીની હોસ્પિટલ સામે આંગળી ચિંધાઈ રહી છે.

## ઓડીયો ક્લિપની પણ યોગ્ય તપાસ જરૂરી

બાયડની ખાનગી હોસ્પિટલમાં રેમડેસિવિર ઈન્જેક્શનના રૂા.૧૦ હજાર દર્દીઓ પાસેથી ખંખેરાતા હોવાની ઓડીયો ક્લિપ વાયરલ થયા પછી સ્વાભાવિક જ પ્રજામાં આક્રોશ હોય પરંતુ તેમાં ખરેખર કેટલું સત્ય છે તે પણ જોવું રહ્યું. કારણ કે કેટલાક કિસ્સાઓમાં બીલની રકમ મામલે પણ દર્દીના સગા અને હોસ્પિટલ સત્તાવાળાઓ વચ્ચે ખટરાગ થતા હોય છે અને તેમાં જે પણ કોઈ દોષિત હોય તેની સામે કાર્યવાહી થવી જોઈએ.

**આરોગ્ય વિભાગનું નરોવા કુંજરોવા..**

બાયડ તાલુકા હેલ્થ અધિકારીનો સંપર્ક કરતાં બાયડની ખાનગી હોસ્પિટલમાં રેમડેસિવિર રૂા.૧૦ હજારના ભાવે વેચાતું હોવાની કોઈ ફરિયાદ કે જાણકારી મને મળી નથી તેમ જણાવી આરોગ્ય વિભાગે નરોવા કુંજરોવા..નો અપેક્ષા મુજબનો રાગ આલાપી દીધો છે.

# ઉત્તર ગુજરાતમાં ૨૪ કલાકમાં ૨૦૪ કોરોનાને હરાવ્યો

### રીકવરી રેટ અત્યંત નબળો હોવાથી ડોક્ટરોમાં ચિંતા, નવા સંક્રમિત કેસ ૨૪૦૦ને પાર

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૪

કોરોનાના વિકરાળ સ્વરૂપ થતાં ઉત્તર ગુજરાતમાં પાછલા ૨૪ કલાક દરમ્યાન ૨૦૪ લોકોએ કોરોનાને હરાવીને ઘરે પરત ફર્યા છે. કોરોનાના કેસ વધ્યા છે પરંતુ રીકવરી રેટ નબળો હોવાથી દર્દીઓને હોસ્પિટલોમાં જગા મળતી નથી. જ્યારે નવા સંક્રમિત કેસ ૨૪૦૪ ને પાર કરી ગયા છે જે સૌથી વધુ સંક્રમિત હોવાનું જાણવા મળ્યું છે.

ઉત્તર ગુજરાત કુદરત અને ચીનના વુહાન સર્જીત આફત એમ બે મોરચે લડી રહ્યું છે. ઉત્તર ગુજરાતની પ્રજા મોટાભાગે પશુપાલન અને ખેતીના વ્યવસાય ઉપર નિર્ભર છે. કાળઝાળ ગરમીમાં પશુઓની દૂધ ઉત્પાદન શક્તિ ઘટતાં માલધારીઓ ચિંતિત છે. ત્યાં એકાએક મોસમમાં બદલાવ આવતાં અનેક વિસ્તારોમાં કમોસમી માવઠું વરસ્યું છે જેના કારણે ઘઉં સહિતના તૈયાર પાક અને સૂકો ઘાસચારો રખે ને ભારે માવઠું થાય તો ભીંજાઈ જવાનો ભય છે અને હવે ઉત્તર ગુજરાતમાં કોરોનાનું સંક્રમણ વધુ બેકાબુ બનતાં કેસમાં સતત ઉછાળો આવી રહ્યો છે. સરકારી આંકડામાંથી જ સંક્રમિત દર્દીઓની જાહેર થાય છે તે જોતાં હવે છેલ્લા ૩ દિવસથી દરરોજ ૨૦૦૦થી લોકો સંક્રમિત થઈ રહ્યા છે જેનો મતલબ એ થયો કે ઉત્તર ગુજરાતમાં ગામડાઓ સુધી કોરોનાનું સંક્રમણ હાવિ થઈ ગયું છે. પાછલા ૨૪ કલાક દરમ્યાન ઉત્તર ગુજરાતમાં ૨૦૪ લોકોએ કોરોનાને હરાવી અન્ય દર્દીઓ માટે ઉદાહરણ બન્યા છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં અરવલ્લી જિલ્લામાં માત્ર ૫ દર્દી રીકવર થયા છે. જ્યારે બનાસકાંઠા ૬૩, મહેસાણા ૭૧, પાટણ ૫૧, સાબરકાંઠામાં ૧૪ દર્દી ૨૪ કલાક દરમ્યાન રીકવર થયાનું રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે.

### મોસમ ફરી બેઈમાન

# સાબરકાંઠા, અરવલ્લીમાં ભરઉનાળે અષાઢી યાદ, ધૂળની ડમરીયો સાથે કમોસમી વરસાદની છાંટ

### ખેડૂતોના જીવ તાળવે ચાંટ્યા, મીની વાવાઝોડાના કારણે ચીકુ, કેરીના પાકને અંશતઃ નુક્સાન

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૪

જિલ્લામાં તાપમાનનો પારો ૪૨ ડિગ્રીને આંબ્યા પછી જાણે કે સૂર્યનું અભિમાન તોડવા માટે કુદરતે કારસો ઘડ્યો હોય તેવી રીતે ગત રાત્રે ધૂળની ડમરીયો સાથે મીની વાવાઝોડું કેટલાક વિસ્તારોમાં ત્રાટક્યું અને ત્યારબાદ કમોસમી વરસાદના છાંટા વરસતાં ઘઉંનો તૈયાર પાક ખેતરમાં હતો તેવા ખેડૂતોની ઉંઘ હરામ થઈ ગઈ. મીની વાવાઝોડાના કારણે ચીકુ, કેરી સહિતના પાકને અંશતઃ નુક્સાન થયાની વિગતો સામે આવી છે. ભરઉનાળે મોસમ ફરી બેઈમાન બનતાં કોરોના સામે લડાઈ લડતા તંત્રની ચિંતા પણ વધી છે.

છેલ્લા કેટલાક સમયથી ઋતુચક્ર અવળા પાટે ચાલી રહ્યું છે. મુખ્ય ઋતુમાં અન્ય ઋતુની હાજરી સ્વાભાવિક બન્યા પછી ગમે તે ઘડીએ મોસમમાં નાટકીય બદલાવ જોવા મળતા હોય છે. જિલ્લામાં તાપમાનનો પારો ઉંચકાતાં આકાશમાંથી જાણે કે અગનગોળા વછૂટતા હોય તે રીતે



ગરમીનો પ્રકોપ શરૂ થયો છે. ખેડૂતોએ ઉનાળુ ખેતી માટે માફકસરનું વાતાવરણ જણાતાં વાવેતરની માંડ શરૂઆત કરી ખેતરોમાં બિયારણ ધરબ્યું છે ત્યાં એકાએક હવામાનમાં આવેલા બદલાવે ખેડૂતોને ચિંતામાં મૂક્યા છે. વાવેતરની શરૂઆતથી હવામાન વિષમ બનતાં અસંખ્ય ખેડૂતોએ હાલ વાવેતર માટે થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી છે. બંન્ને જિલ્લામાં પ્રજા અસહ્ય ગરમીથી ત્રાહીમામ પોકારી ગઈ હતી ત્યાં માંડી રાત્રે આકાશમાં કાળાં ડીબાંગ વાદળો ઘેરાઈ આવવાની સાથે વીજળીના ચમકારા સાથે વરસાદી ફોરાં વરસ્યાં હતાં જેના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. કેટલાક વિસ્તારોમાં વાવાઝોડું ફૂંકાતાં હોડીંગ્સ હવામાં ફંગોળાયાના અહેવાલ છે. એકાએક ધૂળની ડમરી અને વીજળીના ધડાકા સાથે કમોસમી વરસાદ શરૂ થતાં બહાર સૂતા લોકો ખાટલા સાથે ઘરમાં દોડ્યા હતા. કેટલાક વિસ્તારોમાં પવન ફુંકાયા પછી કલાકો સુધી વીજળી ડૂલ થઈ હતી.

## ધનસોરના તળાવમાં ડૂબી જતાં અજાણ્યા યુવકનું મોત

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૪

ભિલોડા તાલુકાના ધનસોર ગામના તળાવમાં ડૂબી જવાથી અજાણ્યા યુવકનું મોત નિપજ્યું છે. જ્યારે યુવકના મોતને લઈને રહસ્ય ઘેરાયું છે. પોલીસ દ્વારા એડી નોંધી તપાસ શરૂ કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી મૃતકની ઓળખ થઈ શકી ન હોવાથી પંથકમાં તરેહ તરેહની ચર્ચાઓએ જોર પકડ્યું છે.

જિલ્લાના સીમાડા તેમજ જંગલ વિસ્તારમાંથી અજાણી લાશો મળી આવવાનો સિલ સિલો યથાવત રહ્યો છે. પોલીસ એડી નોંધી તપાસનું ફીડલું વાળી દેતી હોય તેમ અસંખ્ય બનાવ વણઉકલ્યા કોયડારૂપ બની રહ્યા છે. તાલુકાના ધનસોર ગામના માંડેપણ તળાવમાં કોઈ પુરૂષની લાશ પડી હોવાના જાણ થતાં ટોળેટોળાં સીમાડામાં એકત્ર થઈ ગયાં હતાં. પ્રાથમિક દ્રષ્ટીએ ૩૫ થી ૪૦ વર્ષિય અજાણ્યો યુવાન ન્હાવા માટે તળાવમાં ઉતર્યા પછી ડૂબી મોતને ભેટ્યો હોવાનું અનુમાન લગાવવામાં આવ્યું છે. બનાવ અંગે શંકરભાઈ જીવાભાઈ અસારીએ ભિલોડા પોલીસને જાણ કરતાં પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જિલ્લામાં ચૈત્ર નવરાત્રિ-રમઝાન માસના આરંભે ફળના ભાવ ઉંચકાયા

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૪

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ચૈત્ર નવરાત્રિ-રમઝાન માસના આરંભ સાથે ફળના ભાવ રોજા છોડ્યા પછી ફળનો વધુ ઉપયોગ કરતા હોય છે. જેના કારણે સીઝનમાં ભાવ વધી જતા હોય છે. છે. ધાર્મિક તહેવારો સમયે ફળની માંગ વધુ રહેતી હોવાથી અન્ય રાજ્યોમાંથી ટન બંધ ફળ ળુટ બજારમાં ઠલવાતાં હોય છે.



ઉંચકાયા છે. કાળઝાળ ઉનાળામાં સીઝનલ ફળોની સીઝન જામતાં પ્રજા ફળોનો સ્વાદ માણવા લાગતાં અગાઉથી માંગ વધી હતી ત્યાં હવે ચૈત્ર નવરાત્રિ અને રમઝાન માસનો પ્રારંભ થતાં કીલો દીઠ ફળના ભાવમાં રૂા.૧૦ થી ૨૦નો વધારો થયો છે. નવરાત્રિમાં નકોરડા ઉપવાસ કરનાર ભક્તો તેમજ રમઝાન માસમાં મુસ્લિમ બિરાદરો

બદલાતા જતા વાતાવરણમાં બાગાયતી ખેતી કરનાર ખેડૂતોને ફળની ખેતીમાં ફાવટ આવી છે પરંતુ હવામાન ક્યારેક વેરી બનતું હોય છે. જિલ્લામાં ઘરઆંગણે ચીકુ, પપૈયા, દાડમ સહિતની ખેતીમાં ખેડૂતોએ નસીબ અજમાવ્યું છે અને સારા ઉત્પાદનથી ખેડૂતો અન્ય રાજ્યોમાં ઉત્પાદિત ફળોનું વેચાણ કરતા હોય

જિલ્લામાં હાલ ચૈત્રી નવરાત્રિનો આરંભ થયા પછી હવે મુસ્લિમ બિરાદરો માટે પવિત્ર ગણાતા રમઝાન માસનો પણ આરંભ થયો છે જેના કારણે સ્વાભાવિક રીતે જ સીઝનલ ફળોની માંગમાં વધારો થયો છે. જિલ્લામાં ફળની માંગ વધતાંની સાથે અનેક વિસ્તારોમાં ફળના ભાવમાં કીલો દીઠ ભાવ વધ્યા છે.

## ધનસુરા તાલુકામાં ૨૩૦૦૦થી વધુ લોકોનું રસીકરણ

ધનસુરા તાલુકામાં વિવિધ જગ્યાએ રસીકરણ શરુ છે તાલુકામાં ૬૦ વર્ષથી ઉપરના-૧૨૫૦૦ ૪૫ થી ૫૯ વર્ષ ના-૧૧૦૦૦ લોકોનું રસીકરણ કરવામાં આવ્યું છે તાલુકાના શીકા, આકરૂન્દ, ભેંસાવાડા, વડાગામ પીએચસી સેન્ટરો પર રસીકરણ શરુ છે ધનસુરા તાલુકા માં ૨૩૦૦૦ થી વધુ લોકોનું રસીકરણ કરવામાં આવ્યું છે.


તાલુકા ના પીએચસી અને સીએચસી કેન્દ્રો પર રસીકરણ કરવામાં આવી રહ્યું છે જેમાં અત્યાર સુધી ૨૩૦૦૦ થી વધુ લોકોનું રસીકરણ કરવામાં આવ્યું છે જિલ્લા આરોગ્ય અધિકારી આર.જી. શ્રીમાળી, તાલુકા આરોગ્ય અધિકારી યોગેશભાઈ ગોસ્વામી ના માર્ગદર્શન હેઠળ રસીકરણ ચાલી રહ્યું છે.

### ઉત્તર ગુજરાતમાં ધો.૧૦ બોર્ડની પ્રાયોગિક પરીક્ષાઓ હવે બોર્ડ પરીક્ષા પછી

# ધો.૧૦ સી.બી.એસ.ઈ. પરીક્ષા રદ થતાં ગુજરાતમાં પણ ધો.૧૦ બોર્ડ પરીક્ષા રદ તો નહીં થાય ને..? વિદ્યાર્થીઓમાં ઉચાટ

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૪

કોરોનાએ રાજ્યના આર્થિક વિકાસને તોડી નાખ્યા પછી શિક્ષણને પણ હચમચાવી નાખ્યું છે. આવતી કાલ તા.૧૫ થી ૩૦ એપ્રિલ દરમ્યાન યોજાનારી ધો.૧૦ બોર્ડની શાળા કક્ષાની પ્રાયોગિક પરીક્ષાઓમાં બદલાવ લાવી પરીક્ષા બોર્ડની પરીક્ષા પૂર્ણ થયા પછી તૂરંત ૩ દિવસમાં યોજવા બાબતે તમામ શાળાના આચાર્યને માધ્યમિક શિક્ષણ બોર્ડ-ગાંધીનગરના પરીક્ષા સચિવે પરીપત્ર દ્વારા જાણકારી આપી છે. જ્યારે ધો.૧૦ સી.બી.એસ.ઈ. બોર્ડની પરીક્ષા રદ કરવાનો નિર્ણય કરતાં હવે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા મે. મહિનામાં યોજાનારી ધો.૧૦ બોર્ડની પરીક્ષા તો રદ નહીં થાય ને..?? તેની ચિંતા વિદ્યાર્થીઓમાં હાવિ થઈ ગઈ છે. કોરોનાનું સંક્રમણ જે હદે વધ્યું છે તે જોતાં મે. મહિનામાં ધો.૧૦-૧૨ બોર્ડ પરીક્ષાનું આયોજન કરવું માધ્યમિક શિક્ષણ બોર્ડ માટે લોઢાના ચણા ચાવવા જેવું અઘરૂ છે.



છેલ્લા ૨ મહિનાથી પરીક્ષાઓ યોજાશે, પરીક્ષાઓ રદ કરવામાં આવી છે, રદ થયેલી પરીક્ષાની તારીખ હવે પછી જાહેર કરાશે..તેવું સાંભળી..સાંભળીને બેરોજગાર ઉમેદવારો માનસિક રીતે હતપ્રત બન્યા છે. જેમ સ્થાનિક સ્વરાજ્યનો ચૂંટણી જંગ યોજવામાં આવ્યો તેમ સ્પર્ધાત્મક પરીક્ષાઓ યોજી હોત તો અનેક બેરોજગારોની મહેનત ઉગી નિકળી હોત પરંતુ તેવું થયું નથી. ધો.૧૦-૧૨ બોર્ડ પરીક્ષા આપનારા છાત્રો ઘરે બેઠા તનતોડ અભ્યાસ કરી રહ્યા છે. અગાઉ માર્ચમાં યોજાનારી બોર્ડ પરીક્ષા કોરોનાનું સંક્રમણ વધતાં મે. મહિનામાં યોજવાની જાહેરાત કરાઈ છે તે પૂર્વે શાળા કક્ષાએ લેવાતી પી.ટી., કોમ્પ્યુટર સહિતની પ્રાયોગિક પરીક્ષાઓ બોર્ડ પરીક્ષા પહેલાં દર વર્ષે યોજાતી હોય છે.

પરંતુ કોરોનાએ ઉત્તર ગુજરાતમાં દેકારો મચાવતાં રાજ્ય સહિત ઉત્તર ગુજરાતની શાળાઓમાં પ્રાયોગિક પરીક્ષાઓ ધો.૧૦ બોર્ડ પરીક્ષા પૂરી થયા પછી યોજવાનો પરીપત્ર કરવામાં આવ્યો છે. પરંતુ જે રીતે સી.બી.એસ.ઈ. ધો.૧૦ ની પરીક્ષા રદ કરવાનો નિર્ણય લેવાયો છે તે જોતાં માધ્યમિક શિક્ષણ બોર્ડની ખાસ કરીને ધો.૧૦ બોર્ડ પરીક્ષા ઉપર કોરોનાના કારણે સંકટ વધુ ઘેરૂ બન્યું છે તેવું કહી શકાય. બે દિવસ અગાઉ રાજ્યના મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીએ કોઈપણ સંજોગોમાં બોર્ડ પરીક્ષા યોજાશે તેવું જાહેર કર્યું છે તે જોતાં ધો.૧૦ બોર્ડ પરીક્ષા નહીં યોજાય તેવું કહેવું મુશ્કેલ છે.